# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

**વંચાણે લીધોઃ** (૧) યુનિ.ના પરીપત્ર નં. આકૃયુ/રજિ/સંકલન/૩૦૨૬/૨૦૧૯ તા.૨૩/૦૫/૨૦૧૯
(૨) યુનિ.ના પરીપત્ર નં. આકૃયુ/રજિ/સંકલન/૩૭૬૭/૨૦૧૯ તા.૧૮/૦૬/૨૦૧૯

**શૈક્ષણિક સંવર્ગના સાતમા પગાર પંચ અંગે માહિતી તૈયાર કરવા બાબત.. .**

**-: પરિપત્ર:-**

આથી તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓને જણાવવાનું કે, રાજયની કૃષિ યુનિવર્સિટીઓ અને રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદના શૈક્ષણિક સંવર્ગોને કેન્દ્રીય સાતમા પગાર પંચની ભલામણ મુજબ આણંદ કૃષિ યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬થી પગાર સુધારણાનો લાભ સ્કેલ–ટુ–સ્કેલ ધોરણે આપવા સરકારશ્રીએ ઠરાવેલ છે.

જેના અનુસંધાને સાતમા પગાર પંચ અંગેની માહિતી તૈયાર કરવાની રહેતી હોય નીચે જણાવ્યા મુજબની સૂચનાઓ ધ્યાને લઇ માહિતી તૈયાર કરવા આથી જણાવવામાં આવે છે.

**સૂચનાઓઃ**

(૧) તા.૦૧/૦૧/૨૦૦૬ થી તા.૩૧/૧૨/૨૦૧૫ છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર બાંધણી(ઇન્ટરનલ ઓડીટ)/પગાર ચકાસણી (લોકલ ફંડ)ની સેવાપોથીની નોંધના પાનાની ઝેરોક્ષ નકલ તેમજ સ્કેન કરી પેનડ્રાઇવમાં લાવવાનું રહેશે.

(૨) તા.૦૧/૦૧/૨૦૦૬ થી તા.૩૧/૧૨/૨૦૧૫ છઠ્ઠા પગાર પંચ પછી જો કેરીયર એડવાન્સ (CAS) હેઠળ જો સીનીયર સ્કેલ/સીલેકશનગ્રેડ/પ્રમોશન મળેલ હોય તો તેની પણ પગાર બાંધણી/ચકાસણીની સેવાપોથીની નોંધના પાનાની ઝેરોક્ષ નકલ સ્કેન કરી પેનડ્રાઇવમાં લાવવાનું રહેશે.

(૩) સ્કેન કરેલ પેજ પી.ડી.એફ.ઇમેજ બનાવવી તેમજ **ફાઇલની સાઇઝ ૧ એમ.બી.** કરતા વધુ હોવી જોઇએ નહી.

(૪) સ્કેન કરેલ ફાઇલનું નામ શિક્ષકનો **નવો પી.એફ. નંબર /સી.પી.એફ. નંબર** જ રાખવો.

(૫) આદેશમાં દર્શાવેલ કચેરીઓએ તેમના નામ સામે દર્શાવેલ અધિકારીને ઉપરની સુચના મુજબ પેન ડ્રાઇવમાં તૈયાર કરી આપવાનું રહેશે.

(૬) IFMS નો છેલ્લામાં છેલ્લા હુકમો ધ્યાને લેવાના રહેશે.

(૭) કર્મચારીનું બાહેધરી પત્રક –૧ અને ૨ અને સંમતિ પત્રક –૧ તૈયાર કરી લાવવાનું રહેશે.

(૮) દરેક કર્મચારીનું પે ફીકસેશન એનેક્ષર–૧ અને એનેક્ષર–૨ (તમામ ઇવેન્ટ સાથે જેવી કે સીધી ભરતી / પ્રમોશન/CAS પ્રમોશન સ્ટેજ– ૨ થી ૫ વિગેરે) તૈયાર કરી લાવવાનું રહશે.

પ્રસ્તુત પરિપત્ર યુનિવર્સિટી કામકાજના હિતમાં જારી કરવામાં આવે છેલ જેનો સંબંધકર્તા સર્વેએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

કુલસચિવ

**નં.આકૃયુ/રજિ/સંકલન/ ૩૭૯૯ /૨૦૧૯**
**તા.૨૮/૦૬/૨૦૧૯**

**નકલ સવિનય રવાના જાણ તથા ઘટતું થવા સારૂ.**

(૧) યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ.

(૨) હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ. આણંદ

**નકલ રવાનાઃ**

આ કચેરીની એડીએમ શાખા–૧ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ.

E:\co-ordination-2019\Teaching Seven pay-2019\CIRCULAR.doc

## આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

### બાહેધરી પત્રક-૧

તા.૦૧/૦૧/૨૦૦૬ ના સ્ટીકરથી લઈ તા.૩૧/૧૨/૨૦૧૫ ના ગાળામાં થયેલ ઈવેન્ટ (ભરતી/બઢતી/CAS) અન્વયે થયેલ પગાર બાંધણી અને તેના ઓડીટની સંપૂર્ણ ચકાસણી કરેલ છે અને તે બરાબર માલુમ પડેલ છે. કર્મચારી/અધિકારીના પગાર બાંધણી અંગે કોઈ ઓડીટ વાંધો ચાલતો નથી / ચાલે છે તેની ખાત્રી કરેલ છે અને ઓડીટ પારા / વાંધા અન્વયે કર્મચારી/અધિકારીએ વસુલાતપાત્ર રકમ કચેરીમાં ભરી દીધેલ છે / ભરેલ નથી. સદર કેસ સાતમા પગાર પંચના તા.૦૭/૦૬/૨૦૧૯ ના ઠરાવ અન્વયે તા.૦૧/૦૧/૨૦૧૬ થી પગાર બાંધણી અર્થે ભલામણ કરવામાં આવે છે/ હાલ ભલામણ કરવામાં આવતી નથી.

**ઉપાડ અને ચૂકવણા અધિકારી** **યુનિટ અધિકારી**

### બાહેધરી પત્રક-૨

તા.૦૧/૦૧/૨૦૦૬ પછીથી આજ દિન સુધી/ઠરાવની તારીખ સુધી કર્મચારી/અધિકારીઓના થયેલ ઈવેન્ટસ (ભરતી/બઢતી/CAS) અન્વયે થયેલ પગાર બાંધણી અને તેનું ઓડીટ ચકાસેલ છે અને બરાબર માલુમ પડેલ છે/ બરાબર માલુમ પડેલ નથી. કર્મચારી/અધિકારીના પગાર બાંધણી સામે કોઈ ઓડીટ વાંધો ઉપસ્થિત થયેલ નથી / થયેલ છે. ઓડીટ વાંધા અન્વયે કર્મચારી / અધિકારીની વસુલાત પાત્ર થતી રકમ કચેરીમાં જમા કરાવેલ છે / જમા કરાવેલ નથી. સદર કેસ સાતમા પગાર પંચ અન્વયે પગાર બાંધણી અર્થે ભલામણ કરવામાં આવે છે / હાલ ભલામણ કરવામાં આવતી નથી.

**ઉપાડ અને ચૂકવણા અધિકારી** **યુનિટ અધિકારી**

**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**આણંદ**

**સંમતિ પત્રક–૧**

હું.........................................................................................................
હોદ્દો.........................તરીકે કચેરી...........................................ખાતે ફરજ બજાવું મને તા.૦૧/૦૧/૨૦૧૬ પછીથી કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ સ્ટેજ–૨–૩–૪ અને ૫ ની પ્રમોશન રૂા. પગાર ધોરણ ................................ માં મળેલ છે સાતમા પગાર પંચના ઠરાવ ક્રમાંકઃ ગકવ/૧૬૨૦૧૮/૧૩૧૬/ક.૨, તા.૦૭/૦૬/૨૦૧૯ ની શરત નં. ૬ અન્વયે સરકારશ્રીની સૂચના મુજબ તા.૦૧/૦૧/૨૦૧૬ કે તે પછીના કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ મળવાપાત્ર થતા લાભો હાલ મંજુર કરવાના થતા નથી તે હું સમજ્યો છું અને મને માન્ય છે. હાલ તા.૦૧/૦૧/૨૦૧૬ કે તે પછી મને મળેલ કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમહેઠળ બઢતી ગણત્રીમાં લીધા સિવાય સાતમા પગાર પચંની પગાર બાંધણી હાથ ધરવા માટે હું સંમતિ આપુ છું. અને ભવિષ્યમાં CAS અંગે સરકારશ્રી/યુનિ. દ્વારા જે નિર્ણય લેવામાં આવશે તે મને માન્ય છે.

**અધિકારી/કર્મચારીની સહી**

**મારી રૂબરૂ**

**યુનિટ વડાની સહી**

**ANNEXURE – 1**

**Statement of fixation of pay under Gujarat Civil Service (Revision of Pay) Rules, 2016**
**(see Para-2 of the Government Resolution, Finance Department No.PGR-102016-3-Pay Cell dated 26-08-2016)**

| | | | |
|---|---|---|---|
| 1 | Name of Government Employee | : | |
| 2 | Designation of the post in which pay is to be fixed as on January 1, 2016 | : | |
| 3 | Status (Substantive/Officiating) | : | |
| 4 | (i) Pre-revised scale(s) of pay applicable for the post | : | |
| | (ii) The Higher Pay Scale of pay in which the employee drawing his pay as on 01-01-2016. | | |
| 5 | Existing emoluments as on 01-01-2016 | | |
| | a. Basic Pay (Pay in applicable pay band plus applicable Grade Pay or basic pay in applicable scale) in pre-revised pay structure as on 01-01-2016. | : | |
| | b. Dearness allowance sanctioned w.e.f. 01-01-2016 | : | |
| | c. Total existing emoluments (a+b) | | |
| 6 | Basic Pay (Pay in applicable pay band plus applicable Grade Pay or basic pay in applicable scale) in pre-revised pay structure as on 01-01-2016 | : | |
| 7 | Applicable Level in Pay Matrix corresponding to Pay Band and Grade Pay or Scale shown at Sl. No.4. | : | |
| 8 | Amount arrived at by multiplying basic pay as at Sl.No.6 by 2.57 | : | |
| 9 | Applicable Cell in the Level either equal to or just above the amount at Sl.No.8. | : | |
| 10 | Revised Basic Pay as per Sl.No.9 as on Dt. .................. | : | |
| 11 | Personal Pay, if any *[Rule 7(7) & 7(9)]* | : | |
| 12 | Revised pay with reference to the substantive pay in cases which the pay fixed in the officiating post is lower than the pay fixed in the substantive post if any *[Rule 7(11)]* | : | |
| 13 | d. Personal Pay, if admissible. | : | |
| 14 | e. Non-Practicing Allowance, if admissible *(Sub Rules 1 (B) of Rule 7)* | : | |
| 15 | Date of next increment *(Rules 9 & 10)* and pay after grant of increment | : | |
| | **a. Date of Increment** | | Pay after Increment in applicable Level of Pay Matrix |
| 16 | Any other relevant information | : | |

**Date :**

**Signature & Designation of Head of Office**
**Name of Office**

## ANAND AGRICULTURAL UNIVERSITY , Anand

| PAY FIX ANEXXER-II | | | | | |
|---|---|---|---|---|---|
| Emp.Name: | | | | Emp.No. | GPF/CPF No. : |
| Date | Pay In the pay Band | Grade Pay | (in Basic Pay Total (in Rs.) | Revised Pay Band | Remarks |
| 01-01-2006 | 15600 | 6000 | 21600 | 15600-39100(PB3) | Pay fixed |
| 01-07-2006 | 16250 | 6000 | 22250 | 15600-39100(PB3) | regular increment |
| 01-07-2007 | 16920 | 6000 | 22920 | 15600-39100(PB3) | regular increment |
| 01-07-2008 | 17610 | 6000 | 23610 | 15600-39100(PB3) | regular increment |
| 01-07-2009 | 18320 | 6000 | 24320 | 15600-39100(PB3) | regular increment |
| 01-07-2010 | 19050 | 6000 | 25050 | 15600-39100(PB3) | regular increment |
| 01-07-2011 | 19810 | 6000 | 25810 | 15600-39100(PB3) | regular increment |
| 01-07-2012 | 20590 | 6000 | 26590 | 15600-39100(PB3) | regular increment |
| 01-07-2013 | 21390 | 6000 | 27390 | 15600-39100(PB3) | regular increment |
| 01-07-2014 | 22220 | 6000 | 28220 | 15600-39100(PB3) | regular increment |
| 01-07-2015 | 23070 | 6000 | 29070 | 15600-39100(PB3) | regular increment |

ઉપરોક્ત ટેબલ નમુના રૂપ હોય તા.૦૧/૦૧/૨૦૦૬ થી તા.૩૧/૧૨/૨૦૧૫ સુધીમાં સ્ટેજ–૨,૩,૪ અને ૫ મુજબ ઇવેન્ટ આવતી હોય તે પ્રમાણે પત્રક ભરવાનું રહેશે.

ઉપાડ અને ચુકવણાં અધિકારી | યુનિટ અધિકારી | ચકાસણી કરનાર અધિકારી | સભ્યસચિવ

અધ્યક્ષ